# બાલ મનોવિજ્ઞાનને લગતા પ્રશ્નો

ભરત ચૌહાણ

શિક્ષણને કેવો વ્યવસાય ગણવો જોઈએ ?
(અ) ધંધાદારી વ્યવસાય
(બ) નોકરી - સેવા
(ક) સરકારી નોકરી
(ડ) વ્યવસ્થા શકિતને લગતો

શિક્ષકે નવો વિષય વર્ગખંડમાં પહેલી વખત કેવી રીતે દાખલ કરવો જોઈએ ?
(અ) પ્રથમ પ્રકરણ સમય વેડફ્યા વગર શરૂ કરી દેવું
(બ) પ્રસ્તાવના આપવી અને પાઠ શરૂ કરી દેવો
(ક) શું કરવાનું છે તેની વિસ્તૃત રૂપરેખા આપવી
(ડ) વિષયવસ્તુ ચર્ચા માટે વર્ગને જૂથમાં વહેંચી દેવો

બિનકાર્યક્ષમ શિક્ષકની લાક્ષણિકતા કઈ છે ?
(અ) વિદ્યાર્થીઓ હંમેશા અમુક ચોક્કસ ધોરણ જાળવે તેવો આગ્રહ રાખવો
(બ) વિષયવસ્તુ પર ચર્ચા કરે તે માટે આગ્રહ રાખવો
(ક) વિદ્યાર્થીઓ પોતે પ્રયત્ન ન કરે ત્યાં સુધી તેમને મદદરૂપ થવાની ના પાડવી
(ડ) દરેક સમયે વિદ્યાર્થીઓને નિયંત્રણમાં રાખવા પ્રયત્ન કરવો

શિક્ષકોનું પ્રાથમિક કામ એ કહી શકાય
(અ) જયારે જરૂર પડે ત્યારે નિદાનાત્મક અને ઉપચારાત્મક મદદ પૂરી પાડવી
(બ) યુવાનોની જરૂરિયાત અને આશાઓ પૂરી પાડનાર સંવાદિતાની ટેવો વધારવી
(ક) સૂચવેલો અભ્યાસક્રમ પૂરો કરી દેવો
(ડ) વિદ્યાર્થીને શીખવવા માટે ઉત્તેજક અને માર્ગદર્શક બનવું

શિક્ષકની શિસ્ત જાળવવામાં નિષ્ફળતા માટે શિક્ષકની નીચેની ઊણપ કારણભૂત છે.
(અ) શિક્ષણની રીતોમાં યોગ્યતા
(બ) શૈક્ષણિક માનસશાસ્ત્રનું જ્ઞાન
(ક) વિષયનું જ્ઞાન
(ડ) પરિણામજન્ય વસ્તુ માટે શીખવવાનો અને કરવાનો સર્જનાત્મક કાર્યક્રમ

શિક્ષકનું સૌથી અગત્યનું કર્તવ્ય કયું છે ?
(અ) વિદ્યાર્થીઓ માટે તબદીલી અને શીખવવાની પ્રક્રિયામાં મદદરૂપ થવું
(બ) અનુભવોના વિકાસમાં વિદ્યાર્થીઓને માગદર્શન આપવું
(ક) હાજરી અને બીજા રેકોર્ડ નિભાવવા
(ડ) ઉપરોકત પૈકી એકપણ નહીં

વર્ગખંડના પાયાના નિયમો કોણે પ્રસ્થાપિત કરવા જોઈએ ?
(અ) મુખ્યશિક્ષકે
(બ) વિદ્યાર્થીઓએ
(ક) શિક્ષકે
(ડ) વિદ્યાર્થીઓ અને શિક્ષકે

શિક્ષકનું કાર્ય નીચે પ્રમાણે કહી શકાય.
(અ) બાળકોમાં જ્ઞાન ભરનાર સર્વિસ સ્ટેશનનો નોકર
(બ) બાળકની વ્યકિતગત અને આધ્યાત્મિક જરૂરિયાતો સંતોષનાર
(ક) બાળકની વધારેમાં વધારે પ્રગતિ માટે મદદરૂપ થનાર પ્રધાન માર્ગદર્શક
(ડ) આપણા ભાવિ વારસાને સાચવનાર અને પ્રસારણ કરવા માટે ત્યાગમૂર્તિ વાલી

એક નવા શિક્ષક તરીકે તમારી પ્રથમ ધંધાદારી જવાબદારી શું હશે ?
(અ) અગાઉના શિક્ષકની કાર્ય પદ્ધતિ શોધી કાઢવી
(બ) સાથે કામ કરતા શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સહકાર મેળવવો
(ક) તમારી કેળવણી અનપ અનુભવના સંદર્ભે અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર કરવો
(ડ) સંજોગો પ્રમાણે કાર્યપદ્ધતિમાં ફેરફાર કરવો

ફરજ પ્રત્યે બેદરકાર વિદ્યાર્થીઓના ટોળા સાથે કામ પાર પાડતી વખતે સૌથી અસરકારક શિક્ષક એ છે કે જે
(અ) કાયમ તેમને કામમાં વ્યસ્ત રાખે
(બ) સુંદર બાળકોની વચ્ચે તેમને નાયક તરીકે પ્રોવાઇદ (રજૂ) કરવા
(ક) સુધારવાનો પ્રયત્ન કરતાં પહેલાં તેમને મિત્ર તરીકે જીતવામાં કેન્દ્રિત કરે
(ડ) ન્યાયી યોગ્ય વર્તણૂક તેમના પોતાનામાં અભિવ્યકત કરે અને તે ઓળખે ત્યાં સુધી રાહ જોવી

અધ્યાપન કાર્ય છે -
(અ) વ્યકિતગત
(બ) સંસ્થાકીય
(ક) વ્યાવસાયિક
(ડ) સામાજિક-રાજકીય

જો શિક્ષક કમ્પ્યૂટર અને આધુનિક સાધનોને બદલે જૂની પૂરાણી રીતનો ભણાવવા માટે ઉપયોગ કરે તો તે નીચેનાથી પ્રભાવિત થયો છે -
(અ) રીતરસમ
(બ) અનુભવ
(ક) બુદ્ધિ
(ડ) ટેવ

ટિચીંગ અને લર્નિંગ એકબીજાના -
(અ) પૂરક છે
(બ) વિરુદ્ધ છે
(ક) અલગ છે
(ડ) ઉપરોકત પૈકી એકપણ નહીં

નીચેના પૈકી વિસ્તૃત ખ્યાલ છે.
(અ) શીખવું
(બ) શીખવવું
(ક) શિક્ષણ
(ડ) શિક્ષણશાસ્ત્ર

https://okanha.wordpress.com

નીચેનામાંથી શું ઈચ્છવા યોગ્ય છે ?
(અ) શિક્ષકે સ્પષ્ટ અને જોરથી બોલવું જોઈએ
(બ) શિક્ષકે વર્ગમાં વિદ્યાર્થીઓ અવાજ કરે તે ચલાવી ન લેવું જોઈએ
(ક) શિક્ષકે બ્લેકબોર્ડનો ઉપયોગ કરવો જોઈએ
(ડ) શિક્ષકે અઘરા ખ્યાલને શક્ય તેટલી સહેલાઈથી સમજાવવો જોઈએ

અધ્યાપન એટલે -
(અ) અધ્યાપનને ઉત્તેજવું
(બ) માર્ગદર્શિત કરવું
(ક) દિશા-પ્રોત્સાહન આપવું
(ડ) ઉપરોક્ત તમામ

શિક્ષકનું મુખ્ય કાર્ય શું છે ?
(અ) વર્ગખંડમાં શિસ્ત જાળવવી
(બ) સામાન્ય ખ્યાલ સમજાવવો જેથી વિદ્યાર્થી તે સમજી શકે
(ક) વિદ્યાર્થીઓને તેમના કામ માટે રોકવા
(ડ) પ્રશ્નપત્રો તૈયાર કરવા અને સ્વાધ્યાય આપવા

નીચેનામાંથી શિક્ષકનું સામર્થ્ય કેવી રીતે તપાસી શકાય ?
(અ) પુસ્તકો અને સંશોધનપત્રોનું પ્રકાશન
(બ) નોકરીનો ગાળો
(ક) વિદ્યાર્થીઓની જરૂરિયાતો
(ડ) તેનું વ્યક્તિત્વ

તે શિક્ષક પાસેથી વિદ્યાર્થીઓ વધુ શીખી શકે છે કે જે -
(અ) લાગણીશીલ હોય
(બ) માહિતીમાં સારો હોય
(ક) ઉદ્યમી હોય
(ડ) સજ્જન અને સૌમ્ય હોય

એક શિક્ષક માટે સૌથી વધુ ઈચ્છવા યોગ્ય શું છે ?
(અ) છૂટછાટ આપનાર હોય
(બ) વિષય-વસ્તુની સ્પષ્ટ રજૂઆત કરવા માટે સક્ષમ હોય
(ક) કડક હોય
(ડ) નિયમિત અને સમયપાલક હોય

અધ્યેતાનું સશક્તિકરણ એ અધ્યયનનો
(અ) હેતુ છે
(બ) સ્વરૂપ છે
(ક) પાયાની જરૂરિયાત છે
(ડ) લક્ષણ છે

વર્ગખંડમાં ફળદાયી ગ્રુપ શિક્ષણની સામાન્ય રીતે શરૂઆત થાય છે
(અ) વસ્તુલક્ષી સ્પષ્ટીકરણ અને હેતુ પછી
(બ) ધારણાઓ અને સામાન્યીકરણ થાય ત્યારે
(ક) શિક્ષક દ્વારા શિક્ષણના નકશાની સમજૂતી પછી
(ડ) સભ્યોને સત્તાની સોંપણી થાય ત્યારે

નીચેનામાંથી કયું સાચું નથી ?
(અ) શીખવવું એ એક કળા છે
(બ) શિક્ષક જન્મજાત હોય છે
(ક) શિક્ષકોને તાલીમ આપી શકાય છે
(ડ) ઉપરના પૈકી બધું જ

વર્ગખંડમાં ગેરહાજરીને નિયંત્રિ કરી શકાય.
(અ) ધ્યાનમાં ન લઈ ને
(બ) વિદ્યાર્થીઓને શિક્ષા કરી ને
(ક) અસરકારક અને નિયમિત પણે શીખવીને
(ડ) વિદ્યાર્થીઓને પ્રવચન આપીને કે તે તેમની કારકિર્દી માટે ખરાબ છે

કાર્યદક્ષ શિક્ષક એ કહેવાય કે જે -
(અ) વિદ્યાર્થીઓને પાસ થવામાં મદદ કરે
(બ) વિદ્યાર્થીઓને પ્રવૃત્તિમાં કાર્યરત રાખે
(ક) વર્ગખંડમાં શિઅત જાળવે
(ડ) વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરે

જો વિદ્યાર્થી તેને વર્ગખંડમાં શીખવાડવામાં આવે છે તે સમજી ન શકે તો શિક્ષકે
(અ) વિદ્યાર્થીઓને શિક્ષા કરવી જોઈએ
(બ) તે જ ખ્યાલને બીજી રીતે સમજાવવો જોઈએ
(ક) તેમને તેમની રીતે વાંચવાનું કહેવું
(ડ) ટોપિક બીજા દિવસ માટે છોડી દેવો જોઈએ

અધ્યાપનનો હેતુ છે.
(અ) માહિતી આપવી
(બ) સ્પષ્ટીકરણ કરવું
(ક) વિદ્યાર્થીઓની વિચારણાને જાગૃત કરવી
(ડ) ઉપરોક્ત તમામ

સાથી શિક્ષક તમને એક વિદ્યાર્થીના મૂલ્યાંકનમાં તમને તેની ફેવર કરવાનું કહે છે તો તમે શું કરશો ?
(અ) તેની ભલામણો સ્વીકારશો અને કહેશો ચિંતા કરશો નહી
(બ) તમે ઉત્તરવહી પ્રામાણિકપણે તપાસશો
(ક) આવી ગેરવાજબી ભલામણ માટે તમે તેને ઠપકો આપશો
(ડ) એક શિક્ષક તરીકે નીતિમત્તાના પાઠ માયાળુપણે ભણાવશો

શિક્ષણ એ છે -
(અ) અનેક ધ્રુવી પ્રક્રિયા
(બ) સામાજિક પ્રવૃત્તિ
(ક) વૈજ્ઞાનિક પ્રક્રિયા
(ડ) વ્યક્તિગત પ્રક્રિયા કે દ્વિમાર્ગી પ્રક્રિયા

શિક્ષણ સાર્થક છે તેમ નક્કી કરવા માનસશાસ્ત્રીઓ નીચેનો માપદંડ રાખી શકે
(અ) પ્રતિક્રિયાની ઝડપ
(બ) યોગ્ય ઉત્તેજકની વધેલી સંવાદિતા
(ક) વધેલી સમજણ
(ડ) સુધરેલી વર્તણૂક

નીચેનામાંથી શિક્ષણ માટે સારી પદ્ધતિ છે.
(અ) વ્યાખ્યાન અને ચર્ચા
(બ) સેમિનાર અને પ્રોજેક્ટ
(ક) સેમિનાર અને ચર્ચા
(ડ) ચર્ચા અને પ્રોજેક્ટ

શિક્ષણની અસરકારકતા માટે અગત્યનું છે.
(અ) શિક્ષકની લાયકાત
(બ) શિક્ષકનો દેખાવ
(ક) શિક્ષકના હસ્તાક્ષર
(ડ) શિક્ષકની વિષય પ્રત્યેની સમજ

વિદ્યાર્થી તમને અનુસરી શકતો નથી તમે શું કરશો ?
(અ) માહિતી સરળ બનાવશો
(બ) ઉદાહરણ આપી સમજાવશો
(ક) તેમને છોડી દેવાનું કહેશો
(ડ) ઉપરોક્ત તમામ

બાળકોમાં શિક્ષણ સંબંધી યોગ્યતાઓનો વિકાસ થાય છે -
(અ) રચનાત્મક ક્રિયાઓના માધ્યમથી
(બ) આત્મઅભિવ્યક્તિ
(ક) સહયોગાત્મક કાર્યો
(ડ) આત્મમંથન

નીચેનામાંથી કયા વર્ગખંડને પ્રભાવશાળી ગણશો ?
(અ) જે વર્ગમાં શિક્ષકે પૂછેલા પ્રશ્નોના વિદ્યાર્થીઓ અપેક્ષિત જવાબ આપે
(બ) જે વર્ગના વિદ્યાર્થીઓ પરીક્ષામાં સતત સારા ગુણ મેળવે
(ક) જે વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષકને પ્રશ્નો પૂછતા હોય
(ડ) જે વર્ગમાં બાળકો શિસ્તબદ્ધ બેસીને શિક્ષકને સાંભળે

શાળાના કાર્યક્રમમાં વાલીઓ આવતા નથી તમો શું કરશો ?
(અ) વિદ્યાર્થીઓ પાસેથી કારણો જાણશો
(બ) વિદ્યાથીઓને ઓછા ગુણ આપશો
(ક) ગામમાં જઈ વાલીઓ પાસેથી કારણ જાણશો
(ડ) વાલીઓને નોટીસ આપશો

બાળકમાં ભય, ક્રોધ અને જાતીયવૃત્તિ જેવા આવેગોનું ઉર્ધ્વીકરણ કરવા માટે શિક્ષકે શું કરવું જોઈએ ?
(અ) બાળકને કળા, સાહિત્ય કે રમતગમત તરફ અભિમુખ કરવો જોઈએ
(બ) સલાહ આપવી જોઈએ
(ક) નેતૃત્વ આપવું જોઈએ
(ડ) સાચું શિક્ષણ આપવું જોઈએ

એ વિદ્યાર્થી ખરો વિદ્યાર્થી છે કે જે -
(અ) શિક્ષકની દરેક આજ્ઞાનું વિનયપૂર્વક પાલન કરે
(બ) સંકલ્પના સિદ્ધિ માટે શિક્ષકને પ્રતિપ્રશ્નો પૂછે
(ક) વર્ગખંડમાં સંપૂર્ણ શિઅત અને શાંતિ જાળવે
(ડ) પરીક્ષામાં હંમેશા પ્રથમ આવે

મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ અધ્યયન - અધ્યાપન પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને છે.
(અ) પાઠ્યપુસ્તકો
(બ) અધ્યેતા
(ક) અધ્યયન સામગ્રી
(ડ) શિક્ષક

જો તમારા વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સમજી શકતા ન હોય તો તમે
(અ) વિષયવસ્તુને સહેલી બનાવી દો
(બ) તેમને પ્રોત્સાહિત કરો
(ક) ઉદાહરણો વડે સમજાવો
(ડ) ઉપરના તમામ કાર્યો કરો

જો વર્ગખંડમાં વિદ્યાર્થીઓ ઘોંઘાટ કરતાં હોય તો શિક્ષકે -
(અ) થોડો સમય શાંત રહી ને પછી આગળ વધવું
(બ) વિદ્યાર્થીઓને શિક્ષા કરવી
(ક) કંઈ ધ્યાન આપવું જોઈએ નહી
(ડ) ઉપરનામાંથી કોઈપણ નહી

તમારા વર્ગમાં તમારા વિદ્યાર્થીએ પૂછેલા પ્રશ્નનો ઉત્તર તમે આપી ન શકો ત્યારે તમારે
(અ) વિદ્યાર્થીને ધમકાવવો જોઈએ અને યોગ્ય વર્તન કરવા જણાવવું જોઈએ
(બ) વર્ગખંડમાં પ્રશ્નો પૂછવા માટે વિદ્યાર્થીઓને નિરૂત્સાહ કરવા જોઈએ
(ક) બીજા દિવસે ઉત્તર આપવાનું વચન આપવું જોઈએ
(ડ) કોઈપણ ઉત્તર આપી દેવો જોઈએ

તમારા વર્ગખંડમાં વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવા માટે અને તેને જાળવી રાખવા માટે કયો ઉપાય ઉત્તમ રહેશે ?
(અ) તેમને યોગ્ય રીતે વર્તવા માટે જણાવવું
(બ) આખા વર્ગને પરિણામો અંગે ચેતવવા
(ક) તોફાની વિદ્યાર્થીઓને બહાર જવા માટે કહેવું
(ડ) તેમને પ્રવૃત્તિમાં રોકાયેલા રાખવા

વર્ગખંડમાં કોઈપણ શિક્ષકે તેનો અવાજ રાખવો જોઈએ.
(અ) ઊંચો
(બ) લયબદ્ધ
(ક) મધ્યમસરનો સરેરાશ
(ડ) છેલ્લી પાટલી સુધી સંભળાય તેટલો મોટો

https://okanha.wordpress.com